| | |
|---|---|
| અરજી આવ્યા તારીખ | ૦૩.૦૭.૨૦૨૬ |
| નોંધણી તારીખ | ૦૩.૦૭.૨૦૨૬ |
| નિર્ણય તારીખ | ૧૪.૦૭.૨૦૨૬ |
| કુલ અવધિ | વર્ષ– મહિના–દિવસો<br>૦૦ –૦૦–૧૧ |

सत्य मेव जयते

## મહે.બીજી અધિક સત્ર અને વિશેષ (પોકસો) અદાલત, મુ. રાજકોટ

ફોજદારી પર. અરજી (જામીન) નં. ૨૨૦૧/૨૦૨૬
આંક–૧૪

**અવધ બટુકભાઈ ગોહેલ**
ઉ.વ. ૨૫,ધંધો: નોકરી
મુળ રહે. તલાલા, ગીર નરસિંહ ટેકરી, જી. ગીર–સોમનાથ
(અટક તારીખ ૨૫–૦૬–૨૦૨૬) અરજદાર/મુળ આરોપી

**<u>વિરુધ્ધ</u>**

૧. શ્રી સરકાર
(થ્રુ જીલ્લા સરકારી વકીલશ્રી, રાજકોટ)

૨. મુળ ફરીયાદી સામાવાળાઓ

**બાબત:** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.

---

**ગુન્હો:** ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૯ હેઠળ.

---

અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રી એચ.સી.તળાવીયા

સામાવાળા/સરકારશ્રી તર્ફે વિ.સરકારી વ.શ્રી એસ.એન.અત્રી

મુળ ફરીયાદી તર્ફે વિ.વ.શ્રી એ.એચ.ખખ્ખર

---

## // હુકમ //

૧. આ કામના અરજદાર/આરોપીએ રાજકોટ ગાંધીગ્રામ–૨ (યુનિવર્સીટી) પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૮૦૦૩૨૬૦૬૫૬/૨૦૨૬ , ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૯

હેઠળ નોંધાયેલ ગુનાના કામે અટક કરવામાં આવેલ હોઇ અને અરજદાર/આરોપી હાલ જ્યુડીશ્યલ કસ્ટડીમાં કેદમાં હોઇ , અરજદાર/આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન માટે હાલની આ જામીન અરજી દાખલ કરેલ છે. અરજદાર તરફે આંક–૩ ના લીસ્ટથી એફ.આઇ.આર.ની નકલ રજુ કરેલ છે.

૨. આ જામીન અરજીની નોટીસ સામાવાળાઓને બજતા સરકારશ્રી વતી એ.પી.પી.શ્રી એ.એસ.ગોગીયા હાજર થયેલ છે અને આંક–૬થી તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખવામાં આવેલ છે. મુળ ફરીયાદી પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૧૦ થી જામીન અરજી સામે વાંધા દર્શાવતું પોતાનું સોગંદનામું રજુ રાખેલ છે.

૩. અરજદારો/આરોપી તરફે વિ. વ. શ્રી તેમજ સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી મૌખિક દલીલો સાંભળી. અરજદાર/આરોપી તરફે એવી રજૂઆત કરવામાં આવી કે તે નિર્દોષ છે અને તેને ખોટી રીતે ગુનામાં સંડોવવામાં આવ્યો છે. ફરિયાદમાં વર્ણવેલ સમગ્ર ઘટનાક્રમ પરથી સ્પષ્ટ થાય છે કે ફરિયાદી અને અરજદાર/આરોપી વચ્ચે લાંબા સમયથી પ્રેમસંબંધ હતો તથા બંને વચ્ચે પરસ્પર સંમતિથી સગાઈ/જલવિધિ પણ કરવામાં આવી હતી. ફરિયાદી તથા અરજદાર/આરોપી વચ્ચે થયેલા શારીરિક સંબંધો પણ પરસ્પર સંમતિથી થયેલા હોવાનું રેકોર્ડ પરથી જણાય છે. બાદમાં કુટુંબીય તથા અન્ય કારણોસર સગાઈ તૂટી જતાં હાલનો ગુનો નોંધાવવામાં આવ્યો છે. અરજદાર/આરોપી તા. ૨૫–૦૬–૨૦૨૬ થી ન્યાયિક કસ્ટડીમાં જેલમાં છે. મોટાભાગની તપાસ પૂર્ણ થઈ ગઈ છે તથા અરજદાર/આરોપીની કસ્ટોડિયલ પૂછપરછ પણ થઈ ચૂકી છે. જેથી અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન પર

મુક્ત કરવા રજુઆત કરેલ છે.

બીજી તરફ, વિ. એ.પી.પી.શ્રી તથા મૂળ ફરિયાદીના વિ.વ.શ્રી દવારા રજૂઆત કરવામાં આવી કે અરજદાર/આરોપીએ ફરિયાદીને લગ્ન કરવાનો વિશ્વાસ અપાવી તેની સાથે સગપણ કરી અને લગ્ન કરવાની લાલચ આપી અનેક વખત શારીરિક સંબંધો બાંધ્યા હતા. ત્યારબાદ સગાઈ તોડી નાંખી ફરિયાદીને તરછોડી દેતા તેની સાથે છેતરપીંડી તથા ગંભીર પ્રકારનો ગુનો આચરવામાં આવ્યો છે. મૂળ ફરિયાદી દ્વારા સોગંદનામું રજૂ કરી અરજદાર/આરોપીને ને જામીન પર મુક્ત કરવામાં આવે તો અરજદાર/આરોપી બીજી છોકરીઓ સાથે પણ આવુ દુષ્કૃત્ય કરે તેવી શક્યતા દર્શાવવામાં આવી છે. વધુમાં, તપાસ હજુ ચાલુ હોવાનું અને કેસના તમામ પાસાઓની તપાસ બાકી હોવાનું જણાવી અરજદાર/આરોપીને જામીન આપવામાં ન આવે તેવી ભારપૂર્વક રજૂઆતો કરવામાં આવી છે.

૪. અત્રેની અદાલત "જામીન એ નિયમ અને જેલ એ અપવાદ" ના સિધ્ધાંતથી વાકેફ છે. વળી, આજીવન કેદ કે દેહાંત દંડ રૂપી શિક્ષા પણ થઈ શકે તેવા ગુનામાં સંડોવાયેલ આરોપી પણ પોતાનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ હોવાનું દર્શાવે તો અદાલતે તેને જામીન ઉપર મુકત કરવાનો રહે છે એટલે કે, માત્રને માત્ર સજાનું પ્રમાણ તે જામીન અરજી મંજૂર કે નામંજૂર કરવાનું નિર્ણાયક પરિબળ નથી. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે જે બાબત ધ્યાને લેવાની રહે છે તે એ છે કે, આરોપીનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપીની ગુનામાં ભાગીદારી, બનાવ જેવા ગુનાનું ફરી વખત પુનરાવર્તન થવાની શકયતા, જામીનની દયાનો દુરૂપયોગ થવાની શકયતા, આરોપીની વ્યક્તિગત સ્વતંત્રતાના હકકો, તથા સમાજનું હિત, ટ્રાયલ દરમ્યાન

આરોપીની હાજરી વગેરે જેવા પરિબળો અદાલતે ધ્યાનમાં રાખવાના હોય છે, જેમાંથી એકાદ પરિબળ પણ આરોપીને જામીન ઉપર છૂટવા સમર્થનકર્તા ન હોય તો આરોપી જામીન ઉપર છૂટવાના હકકો ગુમાવી બેસે છે.

૫. બન્ને પક્ષકારોના વિ.વકિલશ્રીઓની દલીલો સાંભળી. આ અદાલતે માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા **Sanjay Chandra v. Central Bureau of Investigation**, [2012] 1 **SCC** 40 કેસમાં નિર્ધારિત કાનૂની સિદ્ધાંતોને ધ્યાનમાં લીધા છે. સદર જામીન અરજી પરત્વે નીચેના કારણો અત્રેની કોર્ટ દ્વારા ધ્યાને લેવામાં આવેલ છે.

(૧) સ્વીકૃતપણે, અરજદાર/આરોપી અને ભોગબનનાર વચ્ચે પ્રથમ સોશિયલ મીડિયા મારફતે પરિચય થયો હતો. ત્યારબાદ બંને વચ્ચે સતત સંપર્ક રહ્યો હતો અને બંને પક્ષોના કુટુંબજનોની જાણ તથા સંમતિથી તેમની સગાઈ/જલવિધિ પણ નક્કી કરવામાં આવી હતી.

(૨) ભોગબનનાર પુખ્ત વયની તથા ઉચ્ચ શિક્ષિત છે. તેણીએ બી.કોમ., એમ.કોમ. તથા બી.એડ. સુધીનો અભ્યાસ કર્યો છે અને બનાવના સમયગાળા દરમિયાન શિક્ષિકા તરીકે નોકરી કરતી હતી.

(૩) વર્તમાન ફરીયાદ વિવિધ કારણોસર સગાઈ તૂટી જતાં નોંધાવવામાં આવી છે.

(૪) ફરિયાદમાં વર્ણવેલ ઘટનાક્રમ મુજબ આક્ષેપીત શારીરિક સંબંધો સગાઈ નક્કી થયા બાદના સમયગાળા દરમિયાન થયાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

(૫) અરજદાર/આરોપી તા. ૨૫/૦૬/૨૦૨૬ ન્યાયિક હવાલામાં જેલમાં છે. મોટાભાગની તપાસ તેમજ અરજદાર/આરોપીની કસ્ટોડિયલ પૂછપરછ થઇ જવા પામેલ છે.

(૬) અરજદાર/આરોપીનો કોઈ પૂર્વ ગુનાહિત ઈતિહાસ હોવાનું પ્રથમદર્શનીય જણાતું નથી.

સમગ્રપણે, કેસની હકીકતો તથા સંજોગોને ધ્યાનમાં લઈ, તેમજ ફરીયાદમાં અરજદાર/આરોપી વિરુદ્ધ કરવામાં આવેલા આક્ષેપોની પ્રકૃતિ પર વિચાર કરી, પુરાવાઓની વિગતવાર ચર્ચામાં પ્રવેશ કર્યા વગર, પ્રથમદર્શનીય રીતે આ અદાલતનો મત છે કે , હાલનો કેસ એવો યોગ્ય કેસ છે જેમાં અદાલત પોતાની વિવેકાધિકારનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને જરુરી શરતોને આધીન રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ કરી શકે. આમ , જરુરી શરતોને આધીન અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયીક ડીસ્ક્રીશન વાપરવું યોગ્ય જણાઈ આવતુ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**-: હુ ક મ :-**

**(૧)** અરજદાર/આરોપી **: અવધ બટુકભાઇ ગોહેલ**ની હાલની ફોજદારી પરચુરણ **જામીન અરજી નં. ૨૨૦૧/૨૦૨૬** આથી નિચે મુજબની **શરતોને આધીન મંજૂર** કરવામાં આવે છે.

અરજદાર/આરોપીએ **રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** નાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત–મૂચરકા ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

૧. અરજદાર/આરોપીએ જરુર પડેથી તપાસના કામે સહકાર આપવો અને ત.ક.અમલદાર જયારે બોલાવે ત્યારે હાજર રહેવુ તેમજ ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેવું.

૨. અરજદાર/આરોપીએ જામીન આપતી વખતે પોતાના સ્થાયી/ સ્થાનિક રહેઠાણનું સરનામું દર્શાવતો કોઈપણ આધાર પુરાવો તપાસ કરનાર અમલદારશ્રી તથા નામ.કોર્ટ સમક્ષ રજૂ કરવો તથા અરજદાર/આરોપી સંબંધીત કોર્ટની પુર્વ પરવાનગી વિના રહેઠાણ બદલી શકશે નહિ તેમજ ભારત દેશની હદ છોડી શકશે નહિ.

૩. અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ દિન–૭ માં રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

૪. અરજદાર/આરોપીએ ભોગબનનાર અથવા તેના પરિવારજનોનો કોઈપણ રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્ક કરવો નહીં, તેઓને કોઇ ધાક–ધમકી, દબાણ કે પ્રલોભન આપવા નહીં, પુરાવા સાથે કોઈપણ પ્રકારની ચેડાં કરવા નહીં

૫. અરજદાર/આરોપીએ અન્ય કોઈપણ ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાવું નહિ.

આ હુકમ આજ તારીખ : **૧૪મી, માહે : જૂલાઈ , સને ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ,

તારીખ : ૧૪–૦૭–૨૦૨૬

**(તેજસ એસ. બ્રહમભટ્ટ)**
બીજા એડિશ્નલ સેશન્સ
અને સ્પે. જજ(પોકસો એકટ),
રાજકોટ.
GJ 00609